# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૩ • તા. ૨૦ ડિસેમ્બર થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





KDO

દિવ્યાંગ

# આપણી જ્ઞાતિના તેજસ્વી સક્રિય દિવ્યાંગો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પ્રાર્થના એટલે પ્રભુને પામવાનો દ્વાર

અનુભવીઓ કહે છે કે દવા કરતાં દુઆની અસર ઝડપી અને અકસીર રહે છે દુઆ એટલે કોઈકના મળેલા આપણને આશીર્વાદ. જે આપણી આકસ્મિક આપદામાં આપણને અદ્રશ્ય રીતે સહાયભૂત બની રહે છે. કોઈક અજાણ્યાને આપણે મદદ કરી હોય, સહાયભૂત થયા હોઈએ કે અન્ય રીતે તેની વિપદામાં તેનો હાથ પકડ્યો. સાથ આપ્યો હોય ત્યારે એના અંતરના ઊંડેથી જ આશીષ ઝરે એનું નામ છે દુઆ. દુઆ મળવી એ અલભ્ય, અલૌકિક અને અકસીર ઔષધ છે જે અદ્રશ્ય છે છતાં ઉપયોગી છે. રામબાણ જેવી ઉપયોગી છે. કોઈકે આપણને આશીર્વાદ આપે ત્યારે તેના નિર્દોષ નિસ્વાર્થ મનમાંથી જે પ્રાર્થના નીકળે છે એ આપણા માટેની દુઆ છે. આ દુઆ આપણા જીવનમાં એવા ચમત્કાર સર્જે છે જેનો આપણે ને અંદાજો નથી હોતો. ધોમધખતા તાપમાં શીળો છાંયડો પામી જેવી શાતા થાય, જેમ બળબળતા રણમાં ઝાંઝવાના જળની ઝંખનામાં ભટકાતા શીતલ જલ મળે ને જેવી તૃપ્તિ થાય એવો હાશકારો પામેલ વ્યક્તિના અંતરમનથી નીકળેલ આશીષ આપણા માટે તેણે કરેલ પ્રાર્થના છે. આ ઈતર વ્યક્તિના મન ઊંડાણમાંથી આપણી માટે નીકળેલ શબ્દોની બારાખડી એટલે જ બંદગી છે જે જરૂર કબૂલ થાય છે.

એવું મનાય છે કે બહુ સિદ્ધિ પામેલી વ્યક્તિઓ આપણને આશીર્વાદ આપે છે ત્યારે તેના આશીર્વાદ જરૂર ફળે છે. આપણા સાધુ સાધ્વીજી મહારાજ સાહેબો, નિત પ્રભૂભક્તિમાં લીન રહેતા સંતો, મહંતો, મહાપુરૂષો ને ઓલિયાઓ નિસ્વાર્થ, નિષ્પાપ ભાવે આપણા સુખની કામના કરે ત્યારે તેના બદલામાં કશું યાચતા નથી કે ઈચ્છા રાખતા નથી. આ નિસ્વાર્થ લાગણીથી ઝરતા ભાવ ઝરણાં આપણા માટે અખૂટ દરિયો આપે છે. આ ભાવ ફળે છે તેની પાછળ તેમની નિઃસ્વાર્થ ભાવના છે. સર્વ જન હિતાય સર્વ જન સુખાય ની લાગણી છે.

જીવન વ્યવહારમાં રાગ, દ્વેષ, પ્રપંચ, કાવાદાવા ઈર્ષા, અદેખાઈ, લોભ, છળ કપટના આટાપાટા રહેવાના જ પણ એનાથી ઉપર અને પવિત્ર જો કોઈ હોય તો એ છે દુઆ. જ્યારે કોઈની દુઆ વગર માંગેલી મળે છે ત્યારે એની સામે ઉપર લખેલા વિકાર કે કટુ ભાવ હાવી થઈ શકતા નથી. એનું કારણ છે સત્ય સામે અસત્ય અને સારી ભાવના વિરૂધ ખરાબ ભાવના હારી જાય છે.

કોઈની સારપ પામવા માટે, કોઈની દુઆ એમની એમ મળતી નથી. એ મેળવવા આપણે મદદનો નિઃસ્વાર્થ સહાયનો હાથ લંબાવવો પડે છે. દરેક વખતે માત્ર પૈસા વહેચવાથી કે આંશિક સહાય આપવાથી દુઆ મળે એવું નથી. કોઈના દુઃખમાં હેતની લાગણી, હૂંફની ભાવના ને તેની મુશ્કેલીમાં શબ્દો દ્વારા પ્રોત્સાહન આપીએ, હતાશામાં તેનો ઉત્સાહ વધારીએ અને તેની હારેલી હિંમતને નવું ચેતન આપીએ. પગમાં જોર અને બાવડામાં તાકત જગાવીએ તો પણ ઘણું છે. તેનામાં આશા, ઉમ્મીદ અને આશાનો સંચાર પ્રગટે તો પણ આપણે ઘણી મદદ કરી કહેવાય. આવા કપરા સમયમાં તેને મળેલો હાશકારો તેના મનમાં આપણા માટે દુઆ નિર્માણ કરે છે. જે તેણે આપણા માટે પ્રભુ સમક્ષ કરેલી પ્રાર્થના છે. જેનો પરમાત્મા જરૂર સ્વીકાર કરે છે. આમ આ પવિત્ર દુઆ આપણી માટેની પ્રાર્થના છે જે આપણને પ્રભુને દ્વારે પહોંચાડે છે.

– જ્ઞાતિમૈયા

# સજ્જનતા જાળવવી કપરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સજ્જન માણસને કંઈક ખોટું કે ખરાબ કરતી વખતે વિચાર આવતો હોય છે કે હું આ કરીશ તો તેના પ્રતિઘાત શું હશે. કોને કેવું લાગશે? એ વિચાર સતત આવતો હોય છે. અમુક વખતે માણસ એવું પણ વિચારે છે કે સારા રહેવામાં બહુ માલ નથી. હવે મારે પણ દુનિયા જેવા જ થઈ જવું છે. કંઈક ખોટું કરવાનું નક્કી થયા પછી પણ એનું મન એ માણસને રોકે છે, તેને ચેતવે છે. આ તારા સંસ્કાર નથી કે નથી આવો નઠારો તારો સ્વભાવ, તારા માટે ચાલવા આ મારગ નથી એમાં ભટકી જઈશ, તારાજ થઈ જઈશ. મનની આ ચેતવણીથી સમયસર ચેતી જનાર સજાગ માનવી છે.

દરેક માણસથી ભૂલ થાય છે ક્યારેક જાણતા તો ક્યારેક અજાણતા. આપણાથી ન કરવા કે ન થવા જેવું થઈ જતું હોય ત્યારે આપણને એટલું પૂરેપુરું ભાન હોવું જોઈએ કે મારાથી ખોટું તો થયું છે. ઘણા તો એટલા મદમસ્ત હોય છે કે એને ખબર જ નથી હોતી કે પોતે જે કરે છે તે ખોટું છે. તો ઘણાને ખોટું થયું હોવાનું ભાન થાય છે પણ એ ટાણે સુધારી લેવું જોઈએ એનો વિચાર સુધ્ધાં તેઓને આવતો નથી. ખોટું હોય તો સુધારવાનો વિચાર આવે એટલે તેનો તરત અમલ કરવો જોઈએ. આ પ્રાયશ્ચિત જેવું છે મન ડંખતું નથી અને ગલતીને સ્વીકારી, સુધારી એટલે બેધડક આગળ વધવાનો પરવાનો આપોઆપ મળી જાય છે.

બધાને સારું દેખાવવું છે. લોકોની સામે પોતાની સ્વચ્છ છબી હોય. જેથી માન પાન મળે, આદર ભાવ સાથે લોકો સામે ચડી પુચ્છા કરે. સારા પણાની છબી જળવાઈ રહે એ માટે સારું કરવું પડતું હોય છે. ખોટા અને ખરાબ કામ કરીને કોઈ સારું ન થઈ શકે માણસ જેવો હોય એવો સ્પષ્ટ વરતાઈ આવે છે. એટલે જ તો એ વાતનું ધ્યાન રાખવાનું છે કે આપણને કેવા બનવું છે? કંઈ પણ કરતાં પહેલાં માત્ર એટલો વિચાર કરવાનો રહે છે કે હું જે કરું છું વાજબી, યોગ્ય અને મારા વિચાર, વર્તન, સંસ્કારને શોભે એવું છે કે? જો મન જરા પણ ડગુમગુ થતું હોય તો સમજી લેવામાં સાર છે કે એ કામ કરવા જેવું નથી. ખોટા ને ખરાબ કામ ગમે તેટલો છુપાવીએ તો પણ વહેલાં કે મોડાં છતાં થઈ જાય છે. એટલે જ તો જ્ઞાનીજનોએ કહ્યું છે કે પાપ છાપરે ચડી પોકારે. ખરાબ, ગંદું, અનીતિ ભર્યું કામ સાત પાતાળ ભેદીને પણ બહાર આવી જાય છે એ નક્કી વાત છે.

સૌથી બેશરમ વ્યક્તિ એ છે જેને પોતાની પણ શરમ નથી. કંઈક અઘટિત પગલું લેતાં પહેલાં લોકોને ખબર પડશે તો શું કહેશે એનો વિચાર કરે છે. પણ હું જો આ કરીશ તો મને પોતાને કેવું લાગશે? હું આ બીના-ઘટનાનો ભાર વેંઢારી ભવિષ્યમાં જીવી શકીશ કે નહીં. સામેવાળાઓ વિષે વિચારવા કરતાં પોતાના અંતર આત્માનો અવાજ સૌ પ્રથમ સાંભળવું જોઈએ.

અમુક વખતે માણસ એ વિચારે છે કે સારા રહેવામાં કંઈ સાર નથી. બધાનું બહુ વિચાર્યું એમાં મારું બગડી ગયું. હવે તો મારે પણ દુનિયા જેવા જ થઈ જવું છે. સંસ્કારને વિચારથી વિરૂધ્ધ વર્તન કરવા કાજે માણસનું મન તૈયાર નથી થતું. આ આપણને ન શોભે. આ આપણા સંસ્કારથી વિરૂધ્ધ છે. એવી અવઢવ અંતરમાંથી પ્રગટે ત્યારે શાંત ચિત્તે પગલાં લેવા જોઈએ. શિખર પર ચડવા મહેનત કરવી પડતી હોય છે. પણ ટોચથી તળિયે પહોંચતા ક્ષણ પણ લાગતી નથી. દુર્જનને કશાથી કંઈ ફરક પડતો નથી. પણ સજ્જનને સો વિચાર કરવા પડે છે. માટે સાવધ સચેત થઈ આગળ વધવું જોઈએ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# આપણી જ્ઞાતિના તેજસ્વી સક્રિય દિવ્યાંગો









**રાજવી મોમાયા :** અત્યંત સરળ, ખુશમિજાજ, પ્રેમાળ અને સુંદર સ્વભાવની રાજવી એક Down's Syndrome ધરાવતી યુવતી છે. ચાર વર્ષની વયથી તે સ્પેશિયલ સ્કૂલમાં ભણે છે. નૃત્ય, ડ્રોઈંગ અને કોમ્પ્યુટર નો તેને શોખ છે તેણે સ્કૂલ, લાયન્સ ક્લબ અને રોટરી ક્લબના અનેક કાર્યક્રમોમાં ભાગ લઈને પુરસ્કારો જીત્યા છે. ગાયન, પ્રવાસ અને દરેક પળનો આનંદ માણવો તેનો સ્વભાવ છે. આજે તે 'રાજવીતા લર્નિંગ ફાઉન્ડેશન' મુલુંડમાં જાય છે. ત્યાં રાજવી' દિયા પેઇન્ટિંગ, ગરબા પેઇન્ટિંગ તથા કાગળની થેલી અને એન્વલપ બનાવવાનો હુન્નર શીખે છે; સાથે રસોઈ અને યોગ પણ શીખે છે. સાંસ્કૃતિક અને રમતગમત પ્રવૃત્તિઓમાં તે હંમેશાં આગળ રહે છે. રાજવી દરરોજ પૂજા કરે છે અને પાઠશાળામાં રોજ ધર્મનો અભ્યાસ કરે છે. નિયમિત રૂટિન સાથે તે પોતાના જીવનને આનંદપૂર્વક જીવે છે અને બધાને ખુશી સાથે જીવવા શીખડાવે છે.

# આપણી જ્ઞાતિના તેજસ્વી સક્રિય દિવ્યાંગો



**દિવ્યા પદમકુમાર પોલડિયા :** જન્મથી દિવ્યાંગ છે. તેનો ડાબો હાથ કામ કરતો નથી. તે હંમેશા સમસ્ત મહાજનના દરેક પ્રોગ્રામમાં જોડાય છે. તેણે આપ બળે B.Comનો અભ્યાસ પુર્ણ કરેલ છે અને UPSC જેવી પરીક્ષામીં ભાગ લીધો છે. હાલમાં તે પાર્ટ ટાઇમ જોબ કરે છે. બાકીના સમયમા તે ટેરો રીડિંગનુ કામ કરીને આજીવિકા કમાય છે. તે ઈચ્છે છે કે જીંદગી ભર પોતાના પગભર રહી કાર્યરત રહે અને પોતે કોઈપણ સંસ્થા પાસે નાણાકીય મદદ માટે હાથ ન લંબાવે.

# મૈત્રી ગ્રુપ, ઘાટકોપરની ઉદારતાએ દિવ્યાંગોની દિવાળી દિપાવી

દિવાળી નિમિત્તે ઘાટકોપરના મૈત્રી ગ્રુપ દ્વારા શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિના સહયોગથી મુંબઈ તથા આસપાસના ઉપનગરોના ૧૧ દિવ્યાંગ સભ્યોને ચોખા ખાંડ, ગોળ, મગ, ચણા દાળ મોગર દાળ, અડદ દાળ, તુવર દાળ અને છીલટી દાળ (દરેક ૧ કિલો) આપવામાં આવી હતી. તેમના સત્કાર્યના કારણે તેઓએ કેડીઓ દિવ્યાંગોની દિવાળી દીપાવી.






# આપણી જ્ઞાતિના તેજસ્વી સક્રિય દિવ્યાંગો






**કવિતા રામજી ખોના :** મૂળ ગામ સાંધવના છે અને હાલમાં તેઓ ડોમ્બીવલીમાં રહે છે. તેમના પરિવારમાં ચાર બહેનો છે, જેમાંથી બે બહેનોનાં લગ્ન થઈ ગયાં છે. તેમની મોટી બહેન બોલી-સાંભળી શકતી નથી અને કવિતા પોતે પણ જન્મથી જ બોલી તથા સાંભળી શકતી નથી. વર્ષ ૨૦૧૬માં તેમના પિતાનું અવસાન થયું હતું. હાલમાં કવિતા પોતાની માતા સાથે તથા બહેન સાથે નવનીત નગરમાં રહે છે.



દેવ-ગુરૂની કૃપા અને માતાના સહયોગથી કવિતા હાલમાં ડિઝાઇનર ડ્રેસ બનાવીને પોતાનું ઘર ચલાવે છે. કોઈ તેમને કે તેમના પરિવારને બિચારા કહે તે તેમની માતાને જરાય ગમતું નથી, કારણ કે જેમના પર દેવ-ગુરૂની કૃપા હોય તેઓ બિચારા કેવી રીતે હોઈ શકે! શરૂઆતમાં કવિતાએ સરળ કપડાં બનાવવાનું શરૂ કર્યું હતું. માતાના બ્લાઉઝ સીવીને તેમની સફરની શરૂઆત થઈ. કપડાં ગમે કેવાં પણ બનતા હોય, માતા હંમેશાં તેના વખાણ કરીને તેમને હિંમત અને પ્રોત્સાહન આપતી. આ સહારા અને ઉત્સાહના કારણે આજે કવિતા કોઈપણ પ્રકારની ડિઝાઇન મુજબ ડ્રેસ તૈયાર કરી આપી શકે છે અને તમામ પ્રકારના લેડીઝ વેર સીવી શકે છે. દેવ-ગુરૂની કૃપાથી તેમનું કાર્ય સારા રીતે ચાલી રહ્યું છે.

કવિતા રસોઈમાં પણ નિષ્ણાત છે. તેની ચોકલેટ, કેક, આઈસ્ક્રીમ તેમજ પંજાબી, ચાઈનીઝ અને ગુજરાતી જેવી વિવિધ વાનગીઓ બનાવી શકે છે. આ કામમાં તેની બહેન તેને હેલ્પર તરીકે સહાય કરે છે.

પિતા જીવતા હતા ત્યારે પરિવાર દર વર્ષે ફરવા જતો, પરંતુ તેમના અવસાન બાદ બહાર જવાનું મન થતું નહોતું. ઘર, કામ, માતા અને બહેનોએ જ તેમની દુનિયા બની ગઈ હતી. જોકે દિવ્યાંગ સમિતિના મધર ટેરેસા સમાન કાશ્મીરાબેન, શિલ્પાબેન, નીનાબેન, પારૂલબેન તથા તેમની નાની બહેન ભાવનાના સહયોગથી હવે તેને બહારની દુનિયા જોવાની પણ પ્રેરણા મળે છે. તેઓ દિવ્યાંગોને એવી જગ્યાઓએ લઈ જાય છે જ્યાં જીવવાની અને આગળ વધવાની પ્રેરણા મળે તથા નવી બાબતો શીખવા મળે.

કવિતા દિવ્યાંગ સમિતિ પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને કહે છે કે તેમનો ઉપકાર તેઓ ક્યારેય ભૂલશે નહીં. તે સમિતિના તમામ સભ્યોને નમન અને સેલ્યુટ કરે છે.

# આપણી જ્ઞાતિના તેજસ્વી સક્રિય દિવ્યાંગો




**Shaurya Maisheri - Strength Beyond Sight**

Shaurya Maisheri was not blind by birth. Due to retinal defects, he gradually lost his eyesight. However, what he never lost was his hope, courage, and determination to live independently.

Despite facing life's toughest challenges, Shaurya learned to adapt, remained resilient, and successfully completed his 10th standard. Today, he is a self-made entrepreneur running his own business of cleaning materials and products. He personally delivers every order, proving that limitations exist only in the mind.

Shaurya is self-reliant, cheerful, always smiling, and filled with positivity. He strongly believes in hard work, kindness, and helping others. His life journey itself is a source of inspiration, reminding everyone that true vision comes from determination, not eyesight.

His mother, Yogini Maisheri, expresses immense pride in her son and his remarkable journey.



# Anumodana

| Sanjivani Case - 209 | |
|---|---|
| Name:Ms. Tilotamma Shivji Kurva Age : 64 Yrs. Village: Godhra - Mulund | |
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 55,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Sarvodaya Mandal, Mulund | 25,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Diamond Patron** | |
| Ek Sadgrahasth | 2,500.00 |
| **Gold Patron** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 1,000.00 |
| Late Matushri Manbai Malshi Mota & Pitashri Malshi Kalyanji Mota ( H: Kalpnaben Raichand Mota, Kuvapadhar - | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 1,500.00 |
| Shri Hitesh Laxmichand Soni | 1,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,51,000.00 |
| Shri Shantilal Khimji Nagda (H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| M/s. N. V. Dand & Associates | 11,000.00 |
| Matushri Jamkubai Laxmichand Kurwa, Bayath - Kuwait | 25,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Manoijkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 10,000.00 |
| Dr. Manjusha Rajendra Manilal Kurwa, Godhra - Mulund | 5,001.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Miss Hiral Pradeep Lodaya, Coimbatore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 5,000.00 |
| Shri Hitesh Suryakant Kurwa, Godhra - Mulund | 5,000.00 |
| Shrimati Vimlaben Hirachand Kurwa, Godhra - Masjid Bunder | 5,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |

| | |
|---|---|
| Well Wisher | 2,500.00 |
| Shri Laljibhai Velji Lodaya (H: Sarlaben Lalji Lodaya), Varapadhar- Dombivli | 2,500.00 |
| Shri Shailesh Jethalal Nagda, Mulund | 2,500.00 |
| Shri Kishor Mulji Lalka | 2,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 2,000.00 |
| Shri Hitesh Laxmichand Soni, Bhandup | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 1,500.00 |
| Shri Jayesh C. Nagda, Khamgam | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shrimati Hemal Jay Poladia, Bayath - Pune | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai(Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Ketan Dhanji Kurwa, Godhra - Mumbai | 1,000.00 |
| Shri Uday Naresh Kurwa, Godhra - Masjid Bunder | 1,000.00 |
| Shri Monil Momaya, Ahmedabad | 500.00 |
| Shrimati Yogita Manish Dand, Amravati | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayera - Gandhidham | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Yogesh Somchand Kurwa, Godhra - Masjid Bunder | 500.00 |
| Shri Deepak Virchand Kurwa, Godhra - Sambhaji Nagar | 500.00 |
| Well Wisher | 222.00 |
| Previous Cash No. 208 Balance | 91,304.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,**
**મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

**કેડીઓ સંજીવની**

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# સંજીવની કેસ નં.૨૧૪ માટે જરૂરી ભંડોળ રૂા.૪૨ હજાર તાબડતોબ જમા થઈ ગયા




નલિયા હાલે પરભણી રહેતાં ૪૨ વર્ષીય શ્રીમતી નેહલ મનીષ છેડાની તબીબી સ્થિતિ મુજબ તેણીને અતિ હાઈબ્લેડપ્રેશર, જમણા હાથમાં નબળાઈ અને બોલવામાં મુશ્કેલી થવાની તકલીફ હોવાના કારણોસર હોસ્પિટલાઈઝ કરવા પડ્યાં તેઓને હૃદયરોગ સ્ટ્રોક CVA ત્વરિત હાયપર ટેન્શન સાથે સ્ટ્રોક હોવાનો ડોક્ટરોએ નિદાન કર્યો. જેના સારવાર ઈલાજ માટે રૂા.૪૨ હજારનો અંદાજિત ખર્ચ અપાયો.

દર્દી પોતે ગૃહિણી છે. પતિ એક વર્ષથી બેરોજગાર છે. અગાઉ પરભણીની શ્રી રાધાકૃષ્ણ કોટન પ્રા. લિમીટેડ કંપનીમાં કામ કરતા હતા. વર્તમાનમાં કપાસની ગાંસડીઓનું લોડિંગ-અનલોડિંગનું કામ કરે છે અને જેનાથી ભાગ્યે જ કોઈ આવક થાય છે. તેમને બે સંતાનો ૧૯ વર્ષીય પુત્રી અને ૧૭ વર્ષનો પુત્ર છે.

બેળેબેળે ગુજરાન ચલાવતા પરિવાર ઉપર આ આકસ્મિક ખર્ચ વહન કરવાનો બોજો આવી પડ્યો. જે માટે છેડા પરિવારએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી રજૂ કરી.

અરજી મળતાં જરૂરી ભંડોળ માટે ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું તે સાથે તાબડતોબ સમય ગાળામાં જ જરૂરી રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરી દેવાયું.

આ કેસ નં.૨૧૪ની સાથે અગાઉના દરેકે દરેક કેસની અરજીઓ માટે જરૂરી રકમ ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ, મહાજન, મંડળ, એકમો, ટ્રસ્ટ અને પરિવારોએ નોંધપાત્ર સમય દરમ્યાન જ ઠરાવિક રકમ પૂરેપૂરી અને સમયસર જમા કરી દેતાં જે તે સૌને રાહત આપી ઉપયોગી થઈ શક્યા છીએ. લક્ષ્મીને પરમાર્થ કાજે ખર્ચીને મહાલક્ષ્મી બનાવનારા એ સૌ ઉદારજનોની ભરપૂર અનુમોદના કરીએ છીએ. આવો જ સહકારિત્વ ભાવ જ્ઞાતિ પરિવારો પ્રત્યે જાળવી રાખશો એવો વિશ્વાસ રાખીએ છીએ.



# વર્ધમાનનગરે પધારેલા અચલગચ્છાધિપતિશ્રીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું





સરળ સ્વભાવી, સૌમ્યમૂર્તિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., દેવપુરનગરે યશસ્વી ચાતુર્માસ પરિપૂર્ણ કરી, વારાપદ્ધર, કોટડી મહાદેવપુરી, પુનડી, ઉનડોઠ આદિ ગામોમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવો, તેમજ ત્રણ મુમુક્ષુઓને દીક્ષાપ્રદાન કરીને મુંબઇ તરફ પ્રસ્થાન કરતાં નવનીતનગર-કોવઇનગર, ભુજ થઇ જૈનોનાં વર્ધમાનનગરની પાવનધરા પર પધારતાં શ્રી વર્ધમાન શ્વેતામ્બર જિનાલય ટ્રસ્ટ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું. શણગારેલા બેડા, ગહુલીઓ, ધ્વજા, પતાકા, દુપટા વિગેરે સ્વાગત યાત્રાનાં આકર્ષણ બન્યા હતા. સ્વાગત યાત્રા માર્ગે ઠેર-ઠેર ગહુલીઓથી પૂજ્યશ્રીઓને અને મુનીભગવંતોને મીઠડો આવકાર આપવામાં આવેલ.

વર્ધમાનનગર પ્રમુખ રાહુલ મહેતા, મંત્રી હસમુખ વોરા, ધીરજભાઇ પારેખ, દીપક લાલન, ભુપેશ શાહ, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, ગૌતમ શાહ, કીરીટ શાહ, દર્શક શાહ, નીમેશ શાહ, પંકજ શાહ, નિરંજન શાહ, મુલચંદ મુનવર, અનીલ ડાઘા, રોહિત ઝવેરી, સહિત શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં પ્રેરણાદાયી ઉદાહરણો પૂરા પાડી જીવનમાં ધર્મની સતત આરાધના કરવા સમજ આપી હતી. સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું.

શશિકાન્ત મોહનલાલ શાહ, જયાબેન પ્રબોધ મુનવર, ખમાબેન મહેન્દ્ર લોડાયા, લીલાવંતીબેન હીરાચંદ છેડા પરિવારે પ્રભાવનાનો લાભ લીધેલ.

# ભાંડુપ સંઘના શ્રી આદિનાથ જિનાલયમાં બિરાજમાન દેવદેવીઓ, ભગવાનની અને ગુરૂભગવંતોની પ્રતિમાઓની ઉત્થાપન વિધિ અને ચલપ્રતિષ્ઠા કરાઈ





તા.૨૯ નવેમ્બર શનિવારના શુભ પ્રભાતે શ્રી આદિનાથ જિનાલય ભાંડુપમાં બિરાજમાન ગુરૂ ભગવંતો અધિષ્ઠાયિક દેવ દેવીઓ અને ભગવાનની પ્રતિમાઓની ઉત્થાપન વિધિ અને ચલપ્રતિષ્ઠા પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ચિંતનગુણાશ્રીજી મ.સા. અને યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સંપન્ન થઈ.



ઉત્થાપન વિધિ અઠ્ઠમ તપની આરાધના કરનાર પુણ્યશાળી શ્રાવક શ્રાવિકાઓના હસ્તે કરાવવામાં આવી તથા ચલ પ્રતિષ્ઠા ચડાવામાં લાભ લેનાર ભાગ્યશાળીઓના હસ્તે કરવામાં આવેલ.

અંદાજે સાડા ત્રણ વરસમાં સંગેમરમર માર્બલ ભવ્ય જિનાલય તૈયાર થઈ જશે. ત્યાર સુધી દરરોજ આયંબિલ તપ ચાલુ રાખવા પૂજ્યશ્રીએ પ્રેરણા કરેલ છે. ચલપ્રતિષ્ઠા અનંત સિધ્ધિ ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં બહુજ સુંદર રીતે કરવામાં આવેલ.

ત્રણ ત્રણ પ્રભુજીના પ્રતિમાઓ, ત્રણ શાસન અધિષ્ઠાયિક અને ગુરૂ ભગવંતોની પ્રતિમાઓ પાંચ શાસન અધિષ્ઠાયિકા અને યક્ષિણીઓની પ્રતિમાઓ પંચધાતુની સુવ્યવસ્થિત ચલ સ્થાપના કરવામાં આવેલ છે. જેનાથી આવનાર શ્રાવક શ્રાવિકાઓને ચૈત્યવંદન કરવામાં પણ ખૂબજ સુગમતા રહે છે.





# નવીનચંદ્ર દંડના ચેરમેન પદ હેઠળ ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંક લિમિટેડને બેન્કો બ્લુ રિબન એવોર્ડ મળ્યો

જ્ઞાતિના નવીનચંદ્ર હીરજીભાઈ દંડ વેરાવળ એ પુનઃ એકવાર જ્ઞાતિને ગૌરવ થાય એવું કાર્ય કરી બતાવ્યું છે. સૌરાષ્ટ્રની અગ્રણી બેંક ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપરેટિવ બેન્ક લિમિટેડના તેઓ ઘણા વર્ષોથી બિનહરીફ ચેરમેન તરીકે આરૂઢ છે. તેઓના કાર્યકાળ દરમ્યાનના સતત સાત વરસથી બેન્કને વિવિધ એવોર્ડ મળેલ છે. ચાલુ વરસે પ્રતિષ્ઠિત બેન્કો મેગેઝિન દ્વારા ભારતભરના નાગરિક સહકારી બેન્કો માટે યોજાયેલી બેન્કો બ્લુ રિબન સ્પર્ધામાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમ્યાન ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવવા બદલ ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંક લિમીટેડને પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ને Banco Blue Ribbon એવોર્ડ વિજેતા તરીકે જાહેર કરેલ છે.

સફળ સંચાલક નવીનચંદ્ર હીરજીભાઈ દંડના કુશળ કાર્યકાળ હેઠળ બેંકની ૮ શાખામાંથી કુલ્લ ૧૫ શાખાઓ થઈ છે. હાલમાં જ નવેમ્બર ૨૦૨૫મા તાલાળા ગીરમાં ૧૪મી બ્રાન્ચ તથા માંગરોળ (નવપલ્લવ પાર્શ્વનાથ)માં ૧૫મી શાળાનું ઉદ્‌ઘાટન થયું છે. તેમની દીર્ઘદ્રષ્ટિથી બેંક આજે ઉતરોત્તર પ્રગતિ કરી રહેલ છે. ટૂંક સમયમાં બેંક ૧ હજાર કરોડની થાપણો પર પહોંચીને શિડ્યુઅલ બેંકનો દરજ્જો મળશે. જે તેમની વ્યાપારી કુનેહ, વહીવટી કુશળતા અને દીર્ઘ દ્રષ્ટિને આભારી છે.

આ ગૌરવપૂર્ણ એવોર્ડ ધી વેરાવલ મર્કન્ટાઈલ કો.ઓ.બેન્ક લિમિટેડને અપાવવામાં કામિયાબી મેળવવા બદલ બેંકના ચેરમેન નવીનચંદ્ર હીરજીભાઈ દંડ અને તેમની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન ભવિષ્યમાં આજ પ્રકારે જ્ઞાતિનું ગૌરવ વધારતા રહો એ શુભેચ્છા.

---

# અચલગચ્છાધિપતિશ્રીએ કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર મધ્યે પાવન પગલા કર્યા

સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.એ વર્ધમાનનગર-કચ્છ મધ્યે માતુશ્રી દેવકુંરબેન ડૉ. મેઘજી વેલજી ધરમશી કે.ડી.ઓ. ભવને પધારી પાવન પગલા કર્યા હતા. અને કે.ડી.ઓ. ભવન નિર્માણ કાર્યને બિરદાવ્યું હતું. પૂજ્યશ્રીએ કે.ડી.ઓ. ભવનનાં પાવન પ્રેરકશ્રીઓ, દાતાશ્રીઓ, કાર્યકરો, તથા શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ વર્ધમાનનગરની અંતરની ભાવનાંઓને બિરદાવી આશિર્વાદ પાઠવ્યા હતા.



# યશસ્વિતાનું અભિવાદન




**Graduated with Master of science (MSc) in psychology, University of Edinburgh, UK**

# યેશા વિરેન ધરમશી

વડીલોના આશીર્વાદ અને પોતાની ખંત-મહેનત અને શ્રેષ્ઠ પરિણામ મેળવવાની લગનથી **ચિ. યેશા** ને Graduated with Master of science (MSc) in psychology, University of Edinburgh, UK ની પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન.

**ચિ. યેશા** ભવિષ્યમાં પ્રગતિના સોપાન સર કરતી રહે એ જ શુભેચ્છા.



## શુભેચ્છક

**માતા-પિતા :** ખ્યાતિ વિરેન કીર્તિ ધરમશી

**બહેન :** વૃદ્ધિ વિરેન ધરમશી

**ફુઈ ફુઆઃ** વૈશાલી જતીન લોડાયા (બંધિયા અમદાવાદ)

**દાદાણા :** માતુશ્રી જ્યોતિ કીર્તિ ધનજી ધરમશી (કચ્છ સુથરી-બેંગલોર)

**નાનાણા :** માતુશ્રી ભાવના નરેશ નવલચંદ ટોલિયા (અમરેલી-મુંબઈ)

# યેશા વીરેન ધરમશીએ ધી યુનિવર્સિટી ઓફ એડનબર્ગથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યુ






સુથરી બેંગ્લોરના યેશા વીરેન ધરમશીએ યુનાઈટડ કિંગ્ડમ-યુ.કે.ના સ્કોટલેન્ડ ક્ષેત્રમાં આવેલી પ્રતિષ્ઠિત ધી યુર્નિવર્સિટી ઓફ એડનબર્ગથી ગ્રેજ્યુએશન પૂર્ણ કરી માસ્ટર ઓફ સાયન્સ ઈન ફિઝોલીઝી ઓફ મેન્ટલ હેલ્થ (કન્વર્ઝન) ડિગ્રી પ્રાપ્ત કરી છે. યુનિવર્સિટીના પદવી પ્રદાન સમારોહમાં કુ.યેશા ધરમશીના મમ્મી-પપ્પા ઉપસ્થિત રહ્યાં હતાં. ગ્રેજ્યુએશન સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ યેશા ધરમશીને હાર્દિક અભિનંદન.

## સાંસદ પી.સી.મોહનને આવકાર્યા કીર્તિભાઈ ધનજી ધરમશી

સરદાર પટેલ ભવન બેંગ્લોર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતિ નિમિત્તે સમારોહમાં વિશેષ અતિથિ તરીકે બેંગ્લોર સાઉથના સાંસદ સભ્ય પી.સી.મોહન ઉપસ્થિત રહ્યાં હતા. તેમને સમારોહ સ્થળે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશી આવકાર આપ્યો હતો.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ડિસેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ આયોજિત કેડીઓ તરંગ ૨.૦ સ્ટેચ્યુ ઓફ યુનીટી, ગુજરાત. |
| તા. ૨૦/૨૭ ડીસેમ્બર ૨૦૨૫ | શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના અનંત ડાયગ્નોસ્ટિક, મુલુંડમાં હોમિયોપેથીક કેમ્પ. સાંજે ૫.૩૦ થી ૮.૩૦ ક. રજી. ફરજિયાત - ૮૮૭૯૯૯૦૯૮૭ |
| તા. ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ: વાર્ષિક સામાન્ય સભા બપોરે ૩.૦૦ ક. થી : શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, દેખાઈ વાડી, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુન્થુનાથ જિનાલય, રાયપુર: ૨૫ મુ રજત જયંતી ધ્વજારોહણ મહોત્સવ શ્રી છતિસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર. |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | નલિયા-ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રીજી પીરને નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના ભાવિકોની પહેડી. સવારના ૮:૩૦ કલાકેથી હોરીઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત રમતોત્સવ ૫.૦ બપોરે ૩.૦૦ ક. થી: કાલિદાસ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, મુલુંડ. |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | કુરૂવા પરિવાર: એ. જી. એમ. તથા મેળાવડો સવારે ૧૦.૦૦ ક. થી બાલ મંદિર, અનંત નિવાસ, ભાત બજાર, મુંબઈ |
| તા. ૩/૪ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી આયોજિત માથેરાન સહેલગાહ પ્રવાસ. નામ નોધણી: તા. ૨૮.૧૨.૨૫ સુધી. સંપર્ક: મો. ૯૩૨૧૭૦૫૫૧૧ |
| તા. ૩ થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ | દેવલાલી મા શ્રીમતી માલતીબેન જયંત સોની અનંત આરોગ્ય ધામ સંકુલમાં શ્રી નવલ સદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયનો ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠમ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | સેવક ભરુડીયા દંડ પરીવારના કુળદેવી શ્રી સચ્ચામા ની સમુહ પહેડી તથા સ્નેહ મિલન : સવારે ૮.૩૦ ક. થી : જૈનમ હોલ, ભાડુંપ |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા વાર્ષિક સામાન્ય સભા બપોરે ૨.૩૦ ક. થી, સ્નેહમિલન સાંજે ૫.૦૦ ક. થી જૈનમ હોલ, ભાડુંપ. |
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.૦૦ ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.૦૦ ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**જયાબેન ધરમશી**
તા.૧૪ ડિસેમ્બર (ઉ.૭૦)
સાંધાણ–ભાંડુપ



**જયંતભાઈ નાગડા**
તા.૧૫ ડિસેમ્બર (ઉ.૯૧)
નલિયા–કોચીન




**રતનબાઈ પોલડીયા**
તા.૧૬ ડિસેમ્બર (ઉ.૮૪)
બાયઠ–કોઈમ્બતુર



**ખુશાલભાઈ મોતા**
તા.૧૮ ડિસેમ્બર (ઉ.૭૫)
તેરા–મુલુંડ




**જયકુમાર મોમાયા**
તા.૨૦ ડિસેમ્બર (ઉ.૮૪)
સાંયરા–ધુલિયા



**જયાબેન લોડાયા**
તા.૨૦ ડિસેમ્બર (ઉ.૯૦)
નલિયા–અંધેરી



**નરેશભાઈ પોલડીયા**
તા.૨૦ ડિસેમ્બર (ઉ.૫૨)
ગોએરસમા–જલગામ



**મણિબેન લોડાયયા**
તા.૨૦ ડિસેમ્બર (ઉ.૮૯)
નલિયા–મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે આવેલી સાત દાયકા જૂની હાઈસ્કૂલ જે અગાઉ જ્ઞાન વિસ્તારક સંઘ સંચાલિત હતી તે સંસ્થા સરકારને સુપરત થતાં સરકારે નવા આશાપુરા એજ્યુકેશન ટ્રસ્ટ માતાના મઢને હાઈસ્કૂલનું સંચાલન સોંપ્યું છે ત્યારે આગામી સમયમાં વી.એલ.હાઈસ્કૂલનું નવીનીકરણ ત્રણથી ચાર કરોડના ખર્ચે કરાશે.

● ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિકસ કંપની અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.ના મુંદરા પોર્ટના રોરો ટર્મિનલે એક જ જહાજ પર એક જ કાર્ગો ઓપરેશનમાં ૫૬૧૨ કાર લોડ કરીને નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. આ સિધ્ધિ ૪૦ કલાકથી ઓછા સમયમાં પૂર્ણ થઈ જેણે ૨૦૨૨ની ૧૪ જૂનના બનેલા ૫૪૦૫ કારના અગાઉના રેકર્ડને તોડી નાખ્યો હતો. અદાણી પોર્ટસની અદ્વિતીય રોરો રોલ ઈન રોલ આઉટ સુવિધા દ્વારા ભારતમાં ઉત્પાદિત કાર સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ફ્રાન્સ, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, જાપાન, મોરેશિયસ અને ગલ્ફ સહિતના અનેક દેશોમાં નિકાસ થઈ રહી છે. વધતી જતી નિકાસે અદાણી પોટર્સ, મુંદરાને ઓટોમોબાઈલ નિકાસ માટે મુખ્ય હબ તરીકે સ્થાપિત કર્યું છે. અદાણી પોર્ટ મુંદરા રાષ્ટ્રના વિકાસનું પ્રવેશ દ્વાર છે અને દેશની આર્થિક વૃધ્ધિ અને વિકાસનું પ્રતિક બની ગયું છે.

● અમદાવાદમાં યોજાયેલી ૧૧મી એશિયન એકવેટિક (સ્વીમિંગ) ચેમ્પિયનશિપમાં એશિયા ક્ષેત્રના ૨૨ દેશોના ૬૦૦ થી વધારે સ્વીમરો ભાગ લીધો હતો. આ ચેમ્પિયનશિપમાં સ્વીમિંગ, ડ્રાઈવિંગ, વોટરપોલોની રમતો રમાઈ. આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્વીમિંગ સ્પર્ધામાં ભુજના જાણીતા સ્વીમર તેમજ કોચ જયેન્દ્ર શુકલની ટેકનિકલ ઓફિસિયલ તરીકે નિમણૂંક થઈ હતી. સ્વીમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તેઓની પસંદગી થઈ હોવા ઉપરાંત તેમના પુત્ર આંતરરાષ્ટ્રીય રેફરી અને ઈન્ડિયા ટીમના કોચ જયદેવ શુકલએ પણ મુખ્ય ભૂમિકા બજાવી હતી.

● ભુજ તાલુકાનું કુનરિયા ગામ કચ્છનું સ્વચ્છ મોડેલ ગામ તરીકે સ્થાપિત થયું છે. રાષ્ટ્રીય ગ્રામીણ મિશન દ્વારા કુનિરયાને સ્વચ્છતાનું મોડેલ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, પ્રાથમિક, સુવિધાઓનો વિકાસ સાથે કુનરિયા ગામ અગ્રેસર રહ્યું છે. સરકારની મદદથી ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય, બાયોગેસ પ્લાન્ટ, સેગ્રીશેસન શેડ તથા ૫૦ ટકા ઘરોમાં ગોબર ગેસ પ્લાન્ટ બનાવી આપવામાં આવ્યા છે. દરેક ઘરોમાં ભીના અને સૂકા કચરાની કચરાપેટીનું વિતરણ કરાયું છે. ગામ પંચાયત દ્વારા કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

● ૨૦૦ કરોડથી વધુ ખર્ચે તૈયાર થઈ રહેલા ભુજના રેલવે મથકનું ૭૦ ટકા કામ પૂર્ણ થયું છે. આગામી વર્ષ ૨૦૨૬માં તેનું ઉદ્‌ઘાટન થાય તેવી શક્યતાઓ છે. આધુનિક સુવિધાઓ સાથે લોક સંસ્કૃતિની ઝાંખી પણ આ રેલવે મથકમાં જોવા મળશે. નવું રેલવે મથક એરપોર્ટને આંટી મારે તેવી આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. આવા ગમન માટે ૧૩ લિફ્ટ અને ૧૦ એસ્કેલેટર હશે. બધા જ પ્લેટફોર્મ સમાંતર એક માળ ઉપર ક્રોંકિટ વિસ્તાર બને છે. રેલવે મથકમાં પ્રવેશતાં જ એક માળ ઉપર જતાં આરામની સુવિધા સાથે વિવિધ ફૂડ કોર્નર લાયબ્રેરી અને વિવિધ એક્ટિવિટિઝના સાધનો ગોઠવાશે.

● અંજારમાં ઢેબર સર્વ સેવા વિકાસ મંડળના પ્રાંગણમાં દાતાઓના સહકારથી ૨૫ હજાર ફૂટના બાંધકામ સાથે કુંવર મા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ કોલેજની ઈમારત પાંચ કરોડના ખર્ચે બાંધવાના કાર્યક્રમનું ખાત મહુર્ત યોજાયું. ઢેબર રબારી સમાજ પ્રેરિત નૂતન ભવન કોલેજના ખાત મહુર્ત પ્રસંગે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank